ઈડરની ભદ્રેસર પ્રાથમિક શાળામાં પ્રવેશોત્સવ યોજાયો

સમગ્ર રાજ્ય વ્યાપી આરંભાયેલા ત્રિ-દિવસીય શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ અંતર્ગત આજે દ્વિતીય દિવસે સાબરકાંઠાના ઈડર તાલુકાની ભદ્રેસર પ્રાથમિક શાળામાં વિધાનસભાના અધ્યક્ષ રમણલાલ વોરાના હસ્તે ૨૪ બાળકોનું નામાકંન કરવામાં આવ્યું હતું. શાળા પ્રવેશોત્સવ થકી શિક્ષણમાં આવેલા આમૂલ પરીવર્તનની વાત કરતા અધ્યક્ષ રમણલાલ વોરાએ જણાવ્યું હતું કે, પ્રાથમિક શાળામાં શિક્ષણનું સ્તર ઉચુ લાવવા રાજય સરકાર ધ્વારા ઉચ્ચ શૈક્ષણિક લાયકાત ધરાવતા વિજ્ઞાન, ગણિત અને અંગ્રેજીના શિક્ષકોની પારદર્શક ભરતી કરવામાં આવી છે. જયારે પ્રાથમિક શાળાના બાળકોને પાકા મકાન બનાવી ભૌતિક સુવિધાઓથી સજજ કરવામાં આવી છે વળી અંહી કમ્પ્યૂટર અને વિજ્ઞાન લેબની પણ સુવિધા ઉભી કરવામાં આવી છે. જેનાથી બાળકના બૌધ્ધિક સ્તરમાં વધારો થયો હોવાનું જણાય છે.

પ્રાંતિજમાં વરસાદ પડતાં જ એલઈડી લાઈટો ડુલ

કેટલાંય વિસ્તારોમાં હજુ સુધી ટાઈમર લગાવવામાં ન આવતાં એલઈડી લાઈટો ચાલુ બંધ રામ ભરોસે

પ્રાંતિજ, તા. ૧૧

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે કેટલાય વિસ્તારમાં માત્ર બે છાંટા પડતાં એલઈડી સ્ટ્રીટ લાઈટો ડુલ થઈ ગઈ હતી અને બે દિવસથી રજુઆતો કરવા છતાં એલઈડી લાઈટો ચાલુ ના થતાં નગરજનોમાં રોષ જોવાં મળી રહ્યો છે.

પ્રાંતિજ ખાતે છેલ્લાં બેદિવસથી કેટલાંય વિસ્તારોમાં એલઈડી સ્ટ્રીટ લાઈટો બંધ હોવાની ફરીયાદો ઉઠવા પામી છે ત્યારે રેલ્વે સ્ટેશન, એપ્રોચરોડ સહિતના કેટલાય વિસ્તારોમાં માત્ર વરસાદના છાંટા પડતા જ એલઈડી લાઈટો બંધ થઈ ગઈ હતી. જયારે રેલ્વે સ્ટેશન વિસ્તારમાં છેલ્લાં બે દિવસથી એલઈડી લાઈટો બંધ છે તો ગોપીનાથ સોસાયટી તથા એપ્રોચરોડ ઉપર પણ પવનના કારણે એલઈડી લાઈટો ઝગમગ થતી જોવાં મળી છે. ત્યારે રહીશોદ્વારા પાલિકામાં રજુઆતો કરવા છતાં રજુઆતોને ધ્યાને લેવામાં આવી નથી જયારે દિવાબત્તી મહિલા ચેરમેન કોર્પોરેટર ખુદ રેલ્વે સ્ટેશન અને વાર્ડ નંબર સાત આજ વિસ્તાર ના રહેવાસી હોવા છતાં આજદિન સુધી એલઈડી લાઈટો ચાલુ થઈ નથી. ત્યારે પાલિકા પણ કોન્ટ્રાક્ટરને મેન્ટેનન્સ ખર્ચ નિભાવવાની જવાબદારી હોવા છતાં હાલ તો આંખ આડા કાન કરીને બેઠી છે અને રહીશો રજુઆત કરવા છતાં કાર્યવાહી ના થતાં ગોર નિંદ્રામાં હોય તેવુ સ્પષ્ટ રીતે જણાઈ આવે છે અને રહિશો છતાં સ્ટ્રીટ લાઈટે અંધકાર મય જીંદગી જીવવા મજબુર બન્યાં છે જયારે કોન્ટ્રાક્ટર દ્વારા એલઈડી લાઈટો નાંખીને સમય પણ થઈ ગયો પણ હજુ સુધી ગલેચીભાગોળ, સ્વામિનારાયણ સોસાયટી, અંબાજી મંદિરચોક, નાનીભાગોળ, આંટીયાવાસ, બંબાવાસ સહિતનાં વિસ્તારોમાં આજદિન સુધી હજુ સુધી ટાઈમર લગાવવામાં ના આવતાં વિસ્તારોમાં એલઈડી લાઈટો ચાલુ બંધ થવાનો કોઈ ચોક્કસ ટાઈમ નથી અને ત્યારે વીજબીલ કંયાથી ઓછું થશે ત્યારે અંધકાર છવાયો છે ત્યારે નગરજનોની

પાંચ વાગ્યાંથી ચાલુ થાય છે તો સવારે અગિયાર વાગ્યાં સુધી બંધ થતી નથી હાલ તો કોન્ટ્રાક્ટરની મનમાનીથી રાત્રીનાં સમયે કેટલાય વિસ્તારોમાં ફરીયાદોહોવા છતાંઆંખ આડા કાન થતા નગરજનોમાંરોષ જોવાંમળી રહ્યોછે.

તક્ષશિલા બક્ષીપંચ આશ્રમ શાળા ખાતે શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાયો

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજના રેલ્વેસ્ટેશન વિસ્તારમાં આવેલ તક્ષશિલા બક્ષીપંચ આશ્રમશાળા ખાતે શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાયો હતો. પ્રાંતિજ તક્ષશિલા બક્ષીપંચ આશ્રમશાળા ખાતે શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ધોરણ એકમાં પ્રવેશ મેળવવા નાના બાળકોને કુમકુમ તિલક કરી પી. કે. ગજજર દ્વારા છ બાળકોએ શાળામાં પ્રવેશ આપવામાં આવ્યો હતો, જયારે ઉપસ્થિત મહેમાનોનું શાળા દ્વારા ફુલહાર દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. જયારે આ પ્રસંગે પી. કે. ગજજર, ડીઆઈએલઆર સાબરકાંઠા કિશનસિંહ પરમાર, ઈન્ચાર્જ સી.આર.સી. શાળાના પ્રમુખ એ. કે. પટેલ, આચાર્ય, શાળા પરિવાર સહિત વાલીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

પ્રાંતિજ તાલુકામાં ૨૦૪ બાળકો વિદ્યાર્થિઓનો શાળા પ્રવેશ

હિંમતનગર, તા. ૧૧

શાળા પ્રવેશોત્સવના રાજ્યવ્યાપી અભિયાનના આજના બીજા દિવસે સમગ્ર સાબરકાંઠા જિલ્લામાં અનેક ગામોમાં નાના ભૂલકાઓને પ્રથમ ધોરણમાં અને આઠમાં ધોરણમાં ઉત્તીર્ણ થયેલા વિધ્યાર્થિઓને ધોરણ ૯ માં પ્રવેશ અપાયો હતો.

મુખ્યમંત્રીના સચિવ અશ્વિનીકુમારે જિલ્લાના પ્રાંતિજ તાલુકાના સોનગઢ અને સોનાસણ પ્રાથમિક શાળામાં ૫૩ બાળકોને પ્રથમ ધોરણમાં, આંગણવાડીમાં ૧૦ બાળકોને અને સોનાસણ હાઈસ્કૂલમાં ૧૪૧ વિદ્યાર્થિઓને ધોરણ ૯માં પ્રવેશ અપાવ્યો હતો.

અશ્વિનીકુમારે બાળકો-વિદ્યાર્થિઓને પ્રવેશ કરાવતા જણાવ્યું હતું કે, આજે શિક્ષણની તરાહ બદલાઈ છે અને બદલાતા સ્પર્ધાત્મક યુગમાં અધ્યતન-

ગુણવત્તાસભર શિક્ષણની અનિવાર્યતા વધી છે ત્યારે બાળકોની શૈક્ષણિક કારકિર્દી ઘડતર માટે શિક્ષકો સક્રિય યોગદાન આપે તેજરૂરી છે. શાળામાં ભણતા તમામ બાળકોનોને શિક્ષણ અપાય તે તો જરૂરી છે જ પરંતુ શાળામાં જે વિદ્યાર્થિઓમાં શૈક્ષણિક સામર્થ્ય હોય તેમના પર વિશેષ ધ્યાન કેન્દ્રીત કરી તેમની શૈક્ષણિક કારકિર્દીને ઓપ આપવા અનુરોધ કર્યો હતો. સાથે સાથે બાળકો પણ આજના યુગને અનુરૂપ શિક્ષણ મેળવવાની સાથે જ ટેકનોલોજીને પણ આત્મસાત કરે તે સમયની માંગ છે એમ તેમણે ઉમેર્યું હતું.

અશ્વિનીકુમારે ઉપસ્થિત વાલીઓને અનુરોધ કરતા જણાવ્યું હતું કે, છેલ્લા કેટલાક વર્ષોથી રાજ્ય સરકારે શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી કાર્યક્રમો યોજીને શિક્ષણના પ્રસાર-પ્રચાર અને વિકાસને એક નવી દિશા આપી છે ત્યારે વાલીઓએ તેનો મહત્તમ લાભ લેવો જોઈએ.

ભિલોડામાં તક્ષશીલા કિડ્ઝ ઝોન પ્રિ-સ્કુલનો શુભારંભ યોજાયો

ભિલોડા, તા.૧૧

ભિલોડામાં તક્ષશીલા કિડ્ઝ ઝોન પ્રિ-સ્કુલનો શુભારંભ યોજાયો હતો.ઉદ્ઘાટન ડા.અનિલભાઈ જોષીયારા ભિલોડા-મેઘરજ ધારાસભ્યના વરદ્ હસ્તે કરાયું હતું. આ પ્રસંગે રાજુભાઈ પારઘી અરવલ્લી જીલ્લા પંચાયત પ્રમુખ, કુંદનબેન ડામોર તાલુકા પંચાયત પ્રમુખ, મુકેશભાઈ પટેલ તાલુકા પંચાયત કારોબારી અધ્યક્ષ, અંબિકાબેન ગામેતી ભિલોડા ગ્રામ પંચાયત સરપંચ, ગુણવંતભાઈ ત્રિવેદી, મુકેશભાઈ ત્રિવેદી, મનોજભાઈ પટેલ, બલભદ્રસિંહ ચંપાવત, જી.ડી.ધનુલા, કાંતીભાઈ પટેલ સહિત આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. ભિલોડા તક્ષશીલા કિડ્ઝ ઝોન પ્રિ-સ્કુલનો સ્ટાફ પરીવાર ઉપસ્થિત રહ્યો હતો.

મહેસાણા જિલ્લાના ગ્રામીણ કક્ષાનો શાળા પ્રવેશોત્સવ સંપન્ન

મહેસાણા, તા. ૧૧

મહેસાણા જિલ્લામાં ગ્રામીણ કક્ષાના શાળા પ્રવેશોત્સવમાં મહેસાણા તાલુકાના દેવરાસણ ગામે નાયબમંત્રી નિતીનભાઈ પટેલની હાજરીમાં બાળકોનું નામાંકન કરવામાં આવ્યું હતું.

નાયબ મુખ્યમંત્રીના હસ્તે ધોરણ ૧ અને આંગણવાડીના પ્રવેશપાત્ર વિર્ધાર્થીઓને કુમકુમ તિલક કરી કીટ આપી પ્રવેશ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી દ્વારા લાવેલ શિક્ષણકીટ વિધાર્થીઓને આપવામાંઆવી હતી. વિર્ધાર્થીનીઓને સરસ્વતી સાધના યોજના તળે સાયકલનું વિતરણ કરાયું હતું. આ ઉપરાંત ગામમાં પ્રાથમિક શાળામા અભ્યાસ કરેલ વયોવૃધ્ધ પૂર્વ વિધાર્થી વડીલોનું, દાતાઓ સન્માન કરાયું હતું તેમજ તેજસ્વી વિધાર્થીઓનું વિશિષ્ટ સિધ્ધી પ્રાપ્ત કરેલ વ્યક્તિઓનું સન્માન નાયબ મુખ્યમંત્રી દ્વારા કરાયું હતું.

ગ્રામીણ કક્ષાના શાળા પ્રવેશોત્સવ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલે જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા આપેલ શાળા પ્રવેશોત્સવ અને કન્યાકેળવણી યાત્રા કાર્યક્રમના માધ્યમથી શૈક્ષણિક ક્ષેત્રે રાજ્યના તમામ સમાજમાં આમુલ પરિવર્તન આવ્યું છે. રાજ્યની તમામ પ્રાથમિક શાળાઓમાં શાળા પ્રવેશોત્સવના મીઠા ફળ ચાખવા મળ્યા છે. નાયબ મંત્રીએ જણાવ્યું હતું કે છેલ્લા વર્ષોથી આનંદ અને ઉલ્લાસ સાથે રાજ્યવ્યાપી શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમનું આયોજન થાય છે. સરકારના દરેક કાર્યક્રમ પાછળ ગુજરાતનો સર્વાંગિ વિકાસ અને લોકકલ્યાણનો હેતુ રહેલો છે. મંત્રીએ સ્ત્રી ભ્રૂણ હત્યા અટકાવવા ખાસ અપીલ કરી હતી, આ ઉપરાંત કુપોષણ નાબુદી અભિયાન અને બેટી બચાવો અભિયાનને વેગ આપવા જણાવ્યું હતું.

ભિલોડા તાલુકા પ્રાથમિક શાળા નંબર. ૨ માં શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાયો

ભિલોડા,તા.૧૧

ભિલોડા તાલુકા પ્રાથમીક શાળા નંબર.૨ માં શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાયો હતો. ભારત વિકાસ પરીષદ ભિલોડા શાખા પ્રમુખ જગદીશભાઈ પટેલ, મુકેશભાઈ પંચાલ, કાનજીભાઈ ઠાકોર, શૈલેષભાઈ પટેલ, નરેશભાઈ પંચાલ, કંદર્પભાઈ પટેલ, ભિલોડા ગ્રામ પંચાયત તલાટી કમ મંત્રી પી.બી.ભોઈ, ગ્રામ પંચાયત સભ્યો, અગ્રણી આગેવાનો, ભિલોડા તાલુકા પ્રાથમીક શાળા નંબર.૨ આચાર્ય, સ્ટાફ પરીવાર ઉપસ્થિત રહ્યા હતા.નવિન પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને કુંમ-કુંમ તીલક કરી ગોળ ધાણા ખવડાવી આવકાર્યા હતા.

કડી તાલુકાના કરજીસણ ગામના બાળકોને શાળા અને આંગણવાડી પ્રવેશ કરાવ્યો

મહેસાણા, તા. ૧૧

પ્રત્યેક સમાજનું બાળક શાળાએ જાય અને અધવચ્ચેથી શાળા છોડીને ન જાય તે માટે સમાજની શિક્ષણ પ્રત્યેની જાગૃતતા

પ્રજ્વલિત કરવા માટે રાજય સરકારે છેલ્લાં કેટલાય વર્ષોથી સમગ્ર રાજયમાં શાળા પ્રવેશોત્સવ કન્યા કેળવણી મહોત્સવરૂપી યજ્ઞ કાર્ય આરંભ્યો છે. શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમમાં ઉપસ્થિત અનુસુચિત જાતિ વિકાસ નિગમના ચેરમેન રમેશ સોલંકીએ જણાવ્યું હતું કે રાજય સરકાર દ્વારા શિક્ષણને મહત્વ આપીને શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી કાર્યક્રમ અમલી બનાવવામાં આવ્યો છે. રાજય સરકારે બાળકોની ચિંતા કરી બાળકોના અભ્યાસ માટે શાળાઓમાં મફત શિક્ષણ, સ્કોલરશીપ, યુનિફોર્મ, બુકસ, તેમજ સાઈકલ તથા મધ્યાન ભોજન દ્વારા પોષણક્ષમ આહાર પણ આપવામાં આવે છે. આજના સમયમાં તો શિક્ષણનું મહત્વ અનેરૂ છે કારણ કે રોજગારીની તકો અને કૌશલ્યનો વિકાસ પણ શિક્ષણના માધ્યમથી સરળ બને છે.

શિક્ષણને મહત્વ આપી ભારતના ભાવિ નાગરિકો સમા આજના ભૂલકાંઓને વધુ સુવિધાસભર અને યોગ્ય રીતે ગુણવત્તાયુક્ત શિક્ષણ મળી રહે તેવો પ્રયાસ રાજય સરકાર દ્વારા કરવામાં આવી રહ્યો છે. તેમણે નારીઓની શક્તિઓને વર્ણવી જુના અને જડ રિવાજોને તિલાંજલિ આપી કન્યાઓને શિક્ષણ અપાવવા અપીલ કરી હતી.

અનુસુચિત વિકાસ નિગમના ચેરમેને ત્રણ દિવસ દરમિયાન ચેરમેન શાળા પ્રવેશોત્સવના બે દિવસ દરમિયાન ઝુલાસણ અને કરજીસણ ખાતે ઉપસ્થિત રહી બાળકોનું નામાંકન કરાવ્યું હતું.

વિદ્યાર્થીઓ દ્વારા શરૂઆતમાં પ્રાર્થના અને મનુષ્ય ગૌરવગાન અને યોગ નિદર્શન તથા સાંસ્કૃત્તિક કૃતિ રજૂ કરવામાં આવી હતી.

થરા પોલીસ દ્વારા દેશી દારૂ પકડ્યા

બનાસકાંઠા જિલ્લા પોલીસ અધિક્ષક નિરજકુમાર બડગુજરની સૂચના તથા મદદનીશ પોલીસ અધિક્ષક અક્ષયરાજ મકવાણાના માર્ગદર્શન મુજબ એ.ડી. પરમારને મળેલ બાતમીના આધારે પોલીસ સ્ટાફ સાથે થરા ગામની સીમમાં માલકુવા વાટે રોહીતજી જીતુભા વાઘેલાના ખેતરે રેઈડ કરતા તેના ખેતરેથી ગેરકાયદેસર વગર પાસ પરમીટે દેશીદારૂ ગાળવાની ભઠ્ઠી ગૌતમસીંહ માધુભા વાઘેલા રહે. થરાવાળો ચલાવી દેશી દારૂ તથા વોશ તથા ભઠ્ઠી સાધનો જેમાં દેશી દારૂ લી. ૨૦ કિંમત રૂ. ૮૦૦ તથા દેશી દારૂ ગાળવાનો વોશ લીટર ૨૭૯૦ કિં. રૂ. ૧૧,૧૬૦ તથા બળેલો વોશ લીટર ૩૦ કિ. રૂ. ૬૦ તથા ભઠ્ઠીના સાધનો જેમાં લોખંડનુ પીપ કિં. રૂ. ૫૦ તથા એલ્યુમીનીયમનુ દેઘડુ કિં. રૂ. ૫૦ તથા બળેલુ લાકડુ તથા ચાડુ પાઈપ સાથે કિં. રૂ. ૫ તથા પ્લાસ્ટીકની ડોલો બે કિં. રૂ. ૨૦ તથા મોબાઈલ ફોન-૧ કિં. રૂ. ૫૦૦એ મુદ્દામાલ કિં. ૧૨,૬૪૫નો મળી આવેલ છે.

પ્રાંતિજ શ્રી ઘનશ્યામ લાલજીની હવેલી ખાતે કેરી મહોત્સવ યોજાયો

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ભાખરીયા બસ સ્ટેન્ડ પાસે આવેલ શ્રી ઘનશ્યામ લાલજીની હવેલી ખાતે મંદિર વ્યવસ્થાપકો દ્વારા ભગવાનને વિવિધ કેરીઓનો ભોગ ધરાવવામાં આવ્યો હતો. પ્રાંતિજ ખાતે આવેલ શ્રી ઘનશ્યામ લાલજીની હવેલી ખાતે શુક્વારના રોજ મંદિર વ્યવસ્થાપકો દ્વારા મંદિરમાં ભગવાનને વિવિધ જાતની કેરીઓનો ભોગ ચડાવવામાં આવ્યો હતો અને આરતી ભજન-કિર્તન કાર્યક્રમ પણ યોજાયો હતો. આ પ્રસંગે વૈષ્ણવ સમાજના ભાઈ-બહેનો સહિત ભક્તોએ દર્શનનો લાભ લઈ દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

આઈ પાવર વર્લ્ડ વંડર ક્લબ દ્વારા દુબઈ મંદિરમાં ૧૬૦૮ ફૂટની ધજા અર્પણ કરાશે

આઈ પાવર વર્લ્ડ વંડર ક્લબ લી. દ્વારા દુબઈ મંદિરમાં વિશાળ ૧૬૦૮ ફૂટની ધજા ચઢાવાશે. આ ક્લબની શરૂઆત એપ્રિલ-૨૦૧૭ના રોજ કાર્યરત થયેલ છે. બે મહિનાના ટુંકા સમયમાં ખુબ જ મોટુ ભવ્ય આયોજન કરવામાં આવેલ છે. આ ક્લબ પ્રથમ ક્લબ હશે કે જે ધાર્મિક ક્લબ છે. ખુબ જ ઓછી મેમ્બરશીપ સાથે કાર્યરત છે. દર વર્ષે અલગ અલગ દેશોમાં અલગ અલગ ધાર્મિક રેકોર્ડ બનાવવા માટે કટીબદ્ધ છે. આવતા વર્ષે યુ.એસ.એ.માં આપણે ગીનીસ વર્લ્ડ રેકોર્ડ નોંધાવવાના છીએ. અલગ અલગ દેશોમાં આ પ્રોગ્રામોનું ઓર્ગેનાઈઝેશન આઈ પાવર વર્લ્ડ વંડર ક્લબ લી કરશે અને આ પ્રોગ્રામનું મેનેજ તથા રેકોર્ડ 'મા અંબા સેવા કેમ્પ' કરશે.

આઈ પાવર વર્લ્ડ વંડર ક્લબ લી.ના ડીરેક્ટર ભુપેન્દ્રભાઈ પટેલ આ માહિતી આપતા જણાવે છે કે ૫૬૯ ગજની આ વિશાળ ધજા સંસ્થા દ્વારા તૈયાર કરવામાં આવી છે. જેમાં ૭૫૦ મીટર સીલ્ક કપડાનો ઉપયોગ કરવામાં આવેલ છે. પંદર કારીગર દ્વારા દસ દિવસથી પણ વધુ મહેનતના પરિણામે તૈયાર થયેલી આ ધજા પાછળ અંદાજે એક લાખ પાંત્રીસ હજાર ખર્ચ થયેલ છે.

મોડાસામાં સૌનો સાથ સૌનો વિકાસ કાર્યક્રમમાં કેન્દ્રીય મંત્રી રવિશંકર પ્રસાદ હાજર રહ્યા

મોડાસા ખાતે કોલેજ કેમ્પસના ભામાશા હોલમાં યોજાયેલા સૌનો સાથ સૌનો વિકાસ કાર્યક્રમમાં કેન્દ્રીય કાયદા પ્રધાન અને ઈલેક્ટ્રોનીક્સ ટેકનોલોજી મંત્રી રવિશંકર પ્રસાદ હાજર રહ્યા હતા. રવિશંકર પ્રસાદે શામળાજીના સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજી મંદિરે દર્શન કર્યા પછી મોડાસા પહોંચ્યા હતા. કાર્યક્રમમાં કેન્દ્ર સરકાર અન નરેન્દ્ર મોદીની ઉપલબ્ધિઓ જણાવી કોંગ્રેસ પર આકરા પ્રહારો કરી પહેલાની સરકારની જેમ અમે વાતો નથી કરતા કામ કરીએ છીએ અને બોર્ડર પર લશ્કરને પણ ત્રાસવાદીઓ અને પાકિસ્તાનની નાપાક હરકતો સામે જડબાતોડ જવાબ આપવાની છૂટ આપી દીધી હોવાનુ જણાવ્યુ હતુ.

ડીસામાં તેજ પવન, વિજળીના કડાકા સાથે વરસાદી ઝાપટા

બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસોથી વાતાવરણમાં અસહ્ય બફારા અને કાળજાળ ગરમી વચ્ચે મધરાત બાદ વિજળીના કડાકા અને પવનના સૂસવાટા સાથે વરસાદ પડયો હતો. જિલ્લાના તમામ વિસ્તારોમાં હળવા વરસાદી ઝાપટા પડતા શીતળતા છવાઈ હતી. પરંતુ તેજ પવનને કારણે અનેક વિસ્તારોમાં મકાનોમાં પતરા ફૂટયા હતા અને વૃક્ષો ધરાશયી થવાની ઘટનાઓ સામે આવી છે. ડીસા પંથકમાં વાતાવરણમાં ગતરાતે અચાનક આવેલ પલટાના કારણે રાત્રી દરમિયાન તેજ પવન સાથે અનેક જગ્યાએ હળવો વરસાદ થવાના અહેવાલ મળી રહ્યા છે. છેલ્લા કેટલાક દિવસોથી આકાશમાં છવાયેલા વાદળોના પગલે ડીસા પંથકમાં પ્રથમ વરસાદના શ્રી ગણેશ થયા હતા. ભારે ઉકળાટ બાદ મેઘરાજાની પધરામણી થતાં લોકોને કાળઝાળ ગરમીથી છુટકારો મળ્યો હતો. ત્યારે મધ્યરાત્રીએ વિજળીના કડાકા સાથે વરસાદનું આગમન થયું હતું.